।। શ્રી મહાવીરાય નમઃ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૭ જુલાઈ ૨૦૨૪** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**OPEN BOOK / REGULAR** **શ્રેણી – ૧૦** **WRITER YES / NO**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPARVISOR SIGN. | |

**MARKS**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(૧૫)

**પ્ર.૧ સામાયિક પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. પ્રતિક્રમણ કોને કહેવાય છે? તેનું બીજું નામ શું છે? **પ્રતિક્રમણ એટલે પાપોની આલોચના કરવી. પાપોથી પાછા ફરવું. વ્રતોમાં લાગેલા અતિચારોથી પાછા ફરીને આચારમાં આવવું. તેનું બીજું નામ આવશ્યક સૂત્ર છે.**

૨. આચાર્યના ગુણ કેટલા છે? કયા કયા? **૩૬. પાંચ મહાવ્રત, ૫ સમિતિ, ૩ ગુપ્તિ આરાધે. પાંચ આચાર, નવ વાડ બ્રહ્મચર્ય પાળે, પાંચ ઈન્દ્રિય અને ચાર કષાય જીતે.**

૩. આપઘાત શું છે? આપઘાત શેના કારણે થાય છે? **જ્યારે કોઈ શારીરિક, માનસિક દુ:ખ કે રોગોથી ગભરાઈને સાચા–ખોટાનો નિર્ણય કર્યા વિના વગર વિચારે મરણ કરે છે તે આપઘાત છે. જે કષાયના કારણે થાય છે.**

૪. પક્ખિય પ્રતિક્રમણ એટલે શું? તે કેટલા છે? **૧૫ દિવસમાં લાગેલા પાપોની આલોચના કરવા માટે મહિનામાં બે વાર સાંજે પાખી (અમાસ અને પૂનમ) પર્વના દિવસે કરાય છે. તે ૨૧ છે.**

૫. કીર્તન, વંદન અને સ્મરણથી શું લાભ થાય છે? **૧) જ્ઞાન વધે છે. ૨) શ્રદ્ધા વધે છે. ૩) નવા પાપકર્મો નો બંધ થતો નથી. ૪) પુણ્યનો બંધ થાય છે. ૫) જૂના પાપકર્મોનો નાશ થાય છે.**

**(૨) નીચેના શબ્દોના માગધી લખી તે કયા પાઠમાં છે? તે લખો. (૫)**

૧. જાણીજોઇને **આઉટ્ટી** **પ્રતિક્રમણના પહેલા વ્રતમાં**

૨. ઉપર બેસીને **દુરૂહીને** **સંથારાના પાઠમાં**

૩. પોષવાનું વ્રત **પૌષધ વ્રત** **અગિયારમા વ્રતમાં**

૪. એક જોગે **એગવિહેણં** **ચોથા વ્રતમાં**

૫. ઉતાવળથી લેવા વડે **સહસાગારે** **બીજા શ્રમણસૂત્રમાં**

**(૫૫)**

**પ્ર.૨ (અ) ડાલાપાલાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૫)**

૧. કંદમૂળના જીવનો સમાવેશ શેમાં થાય છે? **(૧×૧૦)**

**કંદમૂળના જીવનો સમાવેશ આઠમા અનંતામાં થાય છે.**

૨. મધ્યમ સંખ્યાતા કોને કહેવાય?

**જઘન્ય પરિત્ત અસંખ્યાતામાંથી બે દાણાં ન્યૂન જે સંખ્યા આવે તે.**

૩. કયા પાલાના માપ સ્થિર રહે છે? **શલાકા, પ્રતિશલાકા અને મહાશલાકા.**

૪. પ્રતિશલાકામાં બે દાણાં હોય ત્યારે બાકીના ત્રણ પાલા કેવા હોય?

**પ્રતિશલાકામાં બે દાણાં હોય ત્યારે અનવસ્થિત ભરેલો હોય, શલાકા અને મહાશલાકા પાલો ખાલી હોય.**

૫. કુલ ઊંડાઈ કેવી રીતે ગણવાની? **જગતી અને વેદિકા સહિત કુલ ઊંડાઈ ગણવાની.**

૬. અનંતી શાતાનો અનુભવ કોણ કરાવે છે? **એક વખતની ક્ષણિક ક્ષમા અનંતી શાતાનો અનુભવ કરાવે.**

૭. અસંખ્યાતાનો બીજો, છટ્ઠો અને સાતમો ભેદ લખો. **૨) મધ્યમ પરિત્ત અસંખ્યાતા ૬) ઉત્કૃષ્ટ યુક્તા અસંખ્યાતા ૭) જઘન્ય અસંખ્ય અસંખ્ય.**

૮. જઘન્ય અનંત અનંત કેવી રીતે મળે? **જઘન્ય યુક્ત અનંતાને પરસ્પર અભ્યાસરૂપ ગુણતાં જઘન્ય અનંત અનંત મળે?**

૯. મધ્યમ અનંત અનંત પછી શું છે? **ઉત્કૃષ્ટ અનંત અનંતની રાશિ નથી.**

૧૦. ચારનો પરસ્પર અભ્યાસ કેટલો થાય?   ૪×૪×૪×૪=૨૫૬

૧૧. શલાકા પાલો કેવી રીતે ભરવો? (૫ થી ૬ લીટીમાં) (૫)

**અનવસ્થિત પાલાને સંપૂર્ણ શિખા સુધી ભરીને અસત્ કલ્પનાએ કોઇ દેવ ઉપાડીને એક દ્વીપ એક સમુદ્ર માં નાંખે. એમ એક દ્વીપ એક સમુદ્રમાં નાંખતા નાંખતા અનવસ્થિત પાલો ખાલી કરે. અનવસ્થિત પાલાનું માપ બદલાતું રહેશે. દરેક વખતે છેલ્લે જે દ્વીપ-સમુદ્રમાં દાણો નાંખેલો હોય તે માપનો લેવો. જ્યારે એક અનવસ્થિત પાલો ખાલી થાય ત્યારે તેના પ્રતિકરૂપે એક દાણો શલાકામાં નાંખતા જવાનું. આમ એક એક અનવસ્થિત પાલો ખાલી કરતા અને ભરતા એકેક સરસવનો દાણો નાંખી શલાકા પાલો ભરી દેવાનો.**

**(આ) પુદ્ગલ પરવર્તનના આધારે લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. દ્વિપ્રદેશી સ્કંધ ભેગા થવા પર અનંત પરિવર્તન શા માટે થાય છે? (૧×૬)

**પરમાણુ અનંત છે અને દરેક પરમાણુથી પુદ્ગલ પરાવર્તન થતું રહે છે.**

૨. એક જીવ આશ્રી અને કુલ કેટલા પ્રશ્ન થાય?   **એક જીવ આશ્રી ૪૦૩૨ અને કુલ ૮૧૯૮ પ્રશ્ન થાય.**

૩. પુદ્ગલ પરવર્તનનો કાળ કેટલો છે?   **પુદ્ગલ પરવર્તનનો કાળ અનંત અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી છે.**

૪. પુદ્ગલમાં શું છોડવાનું છે?   **પુદ્ગલમાં રાગ-દ્વેષ કરવાનું છોડવાનું છે.**

૫. સ્વાદિષ્ટ પુદ્ગલનું શું થાય છે?   **સ્વાદિષ્ટ પુદ્ગલની વિષ્ટા બને છે.**

૬. જીવ ગ્રહણ કરી શકે તે વર્ગણા કેટલી છે? તેમાંથી કઈ કઈ વર્ગણાનું પુદ્ગલ પરાવર્તન થતું નથી?

**જીવ ગ્રહણ કરી શકે તે વર્ગણા આઠ છે. તેમાંથી આહારક વર્ગણાનું પુદ્ગલ પરાવર્તન થતું નથી.**

૭. બાદર દ્રવ્ય અને બાદર ભાવ પુદ્ગલ પરાવર્તન એટલે શું? (૪)

**બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્તન : જેટલા સમયમાં એક જીવ સમસ્ત પરમાણુઓને ઔદારિક, વૈક્રિય, તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કાર્મણ શરીર કોઇપણ રૂપે પરિણમાવી થોડા થોડા પુદ્ગલ ભોગવીને છોડી દે તેટલા કાળને બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્તન કહે છે.**

**બાદર ભાવ પુદ્ગલ પરાવર્તન : એક જીવ પોતાના મરણ દ્વારા અનુભાગ બંધ અથવા રસ બંધના કારણ રૂપ સમસ્ત અધ્યવસાય સ્થાનને જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે, તેને બાદર ભાવ પુદ્ગલ પરાવર્તન છે.**

**કહે છે.**

(૨) **નીચેના જીવો ભૂત અને ભવિષ્યમાં કેટલા પુદ્ગલ પરાવર્તન કરશે?** **(૫)**

| | ભૂતકાળ | ભવિષ્યકાળ |
|---|---|---|
| ૧. વાલુપ્રભાએ નરકપણે ભાષા | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૨. ડાંસે મસલાપણે શ્વાસોચ્છ્વાસ | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૩. સુજાએ સુજાએપણે વૈક્રિય | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૪. શોણિતમાં ઉત્પન્ન થતા જીવે શ્વાસોચ્છ્વાસ | **કર્યા નથી** | **કરશે પણ નહિ** |
| ૫. બાહુ સ્વામીના જીવે કાર્મણ | **અનંત** | **કરશે નહિ** |

**(ઇ) આયુષ્યના ૧૮૦૦ ભાંગાને આધારે માંગ્યા પ્રમાણે જવાબ લખો.** **(૧૩)**

૧. કેટલા જીવો ઉત્પન્ન થાય? સઅંતર કે નિરંતર? (૩×૩)

અપઈટ્ઠાણ **૧, ૨, ૩ યાવત્ સંખ્યાતા. સઅંતર કે નિરંતર.**

મશરૂમ **સમયે સમયે અસંખ્યાતા. નિરંતર.**

અબરખ **સમયે સમયે અસંખ્યાતા. નિરંતર.**

૨. સોપક્રમી આયુષ્ય તૂટવાના કારણોમાં ૨, ૬, ૭ કારણ લખો.

**૨) નિમિત્ત : શસ્ત્ર, દંડ આદિથી, ૬) સ્પર્શ : સર્પ, વીંછી વગેરે ઝેરી પ્રાણીના કરડવાથી,**

**૭) શ્વાસોચ્છ્વાસ : શ્વાસના રૂંધાવાથી મરે.**

૩. ૫૪ વર્ષના સોપક્રમી આયુષ્યવાળો આયુષ્ય બંધ ક્યારે ક્યારે કરે?

**૩૬ વર્ષે, ૪૮ વર્ષે, ૫૨ વર્ષે, ૫૩ વર્ષ ૪ મહિના, ૫૩ વર્ષ ૯ મહિના ૧૦ દિવસ. આમ કરતા કરતા જો ત્રીજા ભાગે આયુષ્યનો બંધ ન પડે તો છેલ્લા અંતર્મુહૂર્તમાં અવશ્ય પડે છે.**

૪. સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૪)

૧. સોપક્રમીને અનપવર્તનીય પણ કહે છે. **ખોટું. સોપક્રમીને અપવર્તનીય પણ કહે છે.**

૨. સિદ્ધ ભગવાન ૧૦૮ ચવે છે. **ખોટું. સિદ્ધ ભગવાન ચવતા નથી.**

૩. ગોત્ર કર્મ સાથે ૬૦૦ ભાંગા થાય છે. **સાચું.**

૪. સૌથી વધુ આઠ આકર્ષે કરી આયુષ્ય બાંધે. **ખોટું. સૌથી વધુ એક આકર્ષે કરી આયુષ્ય બાંધે.**

**(ઈ) વિરહ પદના આધારે લખો.** **(૧૨)**

**(૧) ખાલી જગ્યા પૂરો.** **(૪)**

૧. ....... અને ....... માં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થતા નથી. **થૂંક, પરસેવા**

૨. નરકમાં ...... ....... ભોગવવા જીવ જાય છે. **ભયંકર દુઃખને**

૩. વિરહ પદ ...... સૂત્ર ...... પદનો અધિકાર છે. **પન્નવણા, છ**

૪. દર સમયે ...... માં અનંતા જીવો ...... કરે છે. **વનસ્પતિ, જન્મ-મરણ**

**(૨) માગ્યા પ્રમાણે જવાબ લખો.** **(૪)**

૧) ઉત્કૃષ્ટ ૧૫ દિવસનો વિરહ **ત્રીજી નરક, નવીન સાધુ.**

૨) ગરમર અને પોરાનું અંતર **ગરમરમાં અંતર નથી. પોરા જ. ૧ સમય ઉ. અંતર્મુહૂર્ત.**

૩) ઉત્કૃષ્ટ સંખ્યાતા મહિનાનું અંતર **નવમા દેવલોકે, દશમા દેવલોકે.**

૪) જઘન્ય છ મહિનાનું અંતર **સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૪)**

૧) માત્ર અઢીદ્વીપમાં કોણ હોય છે? **મનુષ્ય, બાદર અગ્નિકાય.**

૨) સૌથી વધારે વિરહ ક્યાં પડે છે? કેટલો? **ભરત, ઈરવતમાં તીર્થંકર, પરિહાર વિશુદ્ધ, તીર્થ, છેદોપસ્થાપનીય, સામાયિક**

૩) ભરતમાં તીર્થંકરનો જઘન્ય વિરહ કેટલો? **૮૪૦૦૦ વર્ષ ઝાઝેરો.**

૪) પાપ કરીએ તો ક્યાંના મહેમાન બનાય? ત્યાં ઉત્કૃષ્ટ વિરહ કેટલો?

**પાપ કરીએ તો નરકના મહેમાન બનાય. ત્યાં ઉ. વિરહ ૧૨ મુહૂર્ત.**

**(૧૦)**

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દોમાં લખો.**

૧. ભૂલ માફ કરવાથી શેનો લાભ થાય છે? **સંવર, નિર્જરા.**

૨. ક્યાં ધ્યાન કરવાના નથી? **આર્તધ્યાન, રૌદ્રધ્યાન.**

૩. શેનો આધાર મન પર છે? **સુખ-શાંતિ, સમાધિ.**

૪. મનનું ઘડતર શું અપાવે છે? **એકાવતારી પદ અથવા મોક્ષ.**

૫. માત્ર વ્યવહાર વચન જ કોણ બોલે છે? **વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય.**

૬. વચનથી જિનેશ્વરની વાણીનું શું થઈ શકે છે? **પ્રભાવના, સ્વાધ્યાય.**

૭. અશરીરી બનવા શેનું ઘડતર કરવાનું છે? **કાયા, ઈન્દ્રિય.**

૮. શું છોડવા શું બનવા કાયાનું ઘડતર કરવું જોઇએ? **સુખશીલતા, સહનશીલ.**

૯. આત્માનું જતન કેવી રીતે કરવાનું છે? **સમિતિ, ગુપ્તિ.**

૧૦. મોક્ષમાર્ગમાં શુદ્ધિ અને વધારો શેમાં કરવાનો છે? **જ્ઞાન, દર્શન.**

**(૧૦)**

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૧×૬)**

૧. પોટ્ટિલા ક્યાં ઉત્પન્ન થયા? તેમણે કેટલો અભ્યાસ કર્યો હતો?

**કોઇ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયા. તેમણે ૧૧ અંગ સૂત્રોનો અભ્યાસ કર્યો હતો.**

૨. તેતલીપુત્ર પૂર્વભવમાં કોણ હતા? તેમણે કેટલો અભ્યાસ કર્યો હતો?

**તેતલીપુત્ર પૂર્વભવમાં મહાપદ્મ રાજા હતા. તેમણે ૧૪ પૂર્વનો અભ્યાસ કર્યો હતો.**

૩. પારિણામિક ભાવ કોને કહેવાય? તે કયા છે?

**જે ભાવ કોઇપણ પ્રકારના પરિવર્તનથી પ્રાપ્ત થાય તે પારિણામિક છે. બાલ્ય અવસ્થા, યુવાવસ્થા.**

૪. બધા ભવી જીવો સિદ્ધ થશે? લોક ભવી જીવોથી રહિત થશે કે નહિ?

**બધા ભવી જીવો સિદ્ધ થશે. લોક ભવી જીવ વગરનો ક્યારેય થશે નહિ.**

૫. તામલી તાપસ પાસે સંપત્તિમાં શું હતું?

**સોનું, ચાંદી, ધન, ધાન્ય, કનક, રત્ન, મણિ, મોતી, શંખ વગેરે.**

૬. ઈશાનેન્દ્રે કઈ રાજધાનીમાં શેનો પ્રયોગ કર્યો? તેના કારણે શું થયું?

**ઈશાનેન્દ્ર બલિચંચા રાજધાનીમાં તેજોલબ્ધિનો પ્રયોગ કર્યો. તેના કારણે બલિચંચા બળવા લાગી.**

**૭. કોણ બોલે છે? કોને કહે છે? (૪)**

૧) બલિચંચા રાજધાનીમાં ઉત્પન્ન થવા આ બાલ તાપસને સંકલ્પ કરાવીએ.

**બલિચંચાના અનેક દેવ–દેવીઓએ અંદરોદર વાતચીત કરીને નક્કી કર્યું.**

૨) હું આપને શિષ્યારૂપે ભિક્ષા આપું છું. તેનો આપ સ્વીકાર કરો.

**તેતલીપુત્રએ સુવ્રતા સાધ્વીને કહ્યું.**

૯. તેમના સુખ–સગવડની સામગ્રીમાં વધારો કરજો.

**પદ્માવતીએ કનકધ્વજને કહ્યું.**

૪) આપ ક્ષમા પ્રદાન કરો.

**બલિચંચાના દેવોએ ઈશાનેન્દ્રને કહ્યું.**

પ્ર.પ નીચેના કાવ્યની પૂર્તિ કરો.

૧. કોટવાલ, ગુજ્જર, હાથી, અંગાર કર્મથી શરૂ થતી કડી પૂર્ણ કરો. (૮)

**કોટવાલના ભવે મેં કીધાં, આકરા કર દંડ, બંદીવાન મરાવીયા, કોરડાં, છરી, દંડ.**

ગુજ્જર **ભવ જે કર્યા, લીલાં ભારાં વઢાવ્યા, પાડીને બેળે મેલિયા, પાવક ઊડી જે જ્વાળા.**

**હાથીના ભવ જે કર્યા, વેલુડી વલૂર્યા, પંખી માળા ચૂંથીયા, પાપે પેટ જ ભર્યા.**

અંગાર કર્મ **કર્યા વળી, ઘણા દવ જ દીધા, સમ ખાધા વીતરાગના, કૂડાં કોશ જ કીધા.**

૨. અનંતા ભવ ભમતા કયા સંબંધ કર્યા? આ કાવ્યની રચના કોણે કરી છે? ઢાળ અને રાગ કયો છે? (૨)

**અનંતા ભવ ભમતા કુટુંબ, દેહ અને પરિગ્રહના સંબંધ કર્યા. આ કાવ્યની રચના સમયસુંદરે કરી છે. ઢાળ ત્રીજી, રાગ વૈરાગી છે.**

જય – જિનેન્દ્ર

❋ PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
❋ NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY
❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914
❋ FOR BOOKS AND EXAM REGISTRATION